09-05-2026 Saturday

વર્ષ ૨૩ ● અંક ૭૮ ● કિંમત : રૂા. ૧.૦૦ ● પાનાં : ૪
● RNI No. : GUJGUJ/2002/07443, ● ફોન નં. ૨૬૫૬૮૪૭૭

# લોકમિત્ર

email: lokmitra1948@gmail.com




સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવન ભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદ્ઘોષ કરી રહી છે.

## આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો

### મુખ્ય કાર્યક્રમો

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**



“સોમનાથની વિરાસતનો આ મહોત્સવ આપણી નવી પેઢીને ગૌરવશાળી ઈતિહાસ અને સનાતન સંસ્કારો સાથે જોડવાનું મહાપર્વ છે.”
— શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી

સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.
**સ્કેન કરો.**

## તંત્રીશ્રીની કલમે

# મમતા બેનરજીને ઝટકો

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નવી સરકારની રચના માટેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ચૂંટણી પંચે નવી વિધાનસભાની રચના માટે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડી દીધું છે. આ અધિસૂચના રાજ્યપાલને મોકલી આપવામાં આવી છે, જે રાજ્યમાં નવી સરકારના શપથ ગ્રહણ અને લોકતાંત્રિક પ્રક્રિયાના આગામી તબક્કાની શરૂઆત કરશે. આ પગલું મમતા બેનરજી માટે ઝટકો માની શકાય છે જેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો ઈનકાર કરી દીધો હતો. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મંગળવારે ચૂંટણી પંચ દ્વારા નવી વિધાનસભાના ગઠન માટેની સત્તાવાર નોટિફિકેશન જારી કરવામાં આવી હતી. આ અધિસૂચના રાજ્યપાલને મોકલવાની સાથે જ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાનો ઔપચારિક રીતે અંત આવ્યો છે અને નવી સરકાર બનાવવાનો રસ્તો સાફ થયો છે.ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ નવી વિધાનસભાની રચના માટે નોટિફિકેશન બહાર પાડવું એ એક મહત્વપૂર્ણ બંધારણીય પ્રક્રિયા છે. અધિકારીના જણાવ્યા અનુસાર, ચૂંટણી પંચ દ્વારા નવી વિધાનસભાની રચનાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે અને હવે નિર્ધારિત નિયમો મુજબ સરકાર રચવાના આગામી પગલાં લેવામાં આવશે.૮ મેના રોજ ભાજપના ધારાસભ્ય દળની બેઠક યોજાઈ શકે છે અને આગામી ૯ મે ના રોજ બંગાળમાં ભાજપની નવી સરકારનું ગઠન થઈ શકે છે અને શપથ સમારોહ યોજાઈ શકે છે. તેમાં વડાપ્રધાન મોદીની સાથે એનડીએના દિગ્ગજ નેતાઓ પણ સામેલ થવાના છે.

### TMCના કબજામાંથી પાર્ક મુક્ત કરાવ્યો

# બંગાળમાં બનશે અમિત શાહનું મંદિર, મહાનાયક માની પૂજા થશે

**હાવડા,** પશ્ચિમ બંગાળના રાજકારણમાં કબજો અને રાજકીય ઘમાસાણ કોઈ નવી વાત નથી, પણ હાવડાથી આવેલા તાજેતરના સમાચારે આખા રાજ્યમાં હલચલ મચાવી દીધી છે. મંગળવારે મધ્ય હાવડા વિધાનસભા વિસ્તારના રામજી હાજરા લેન વિસ્તારમાં ભાજપ કાર્યકર્તાએ એક મોટા અભિયાન અંતર્ગત એક પાર્ક પર પોતાનો કબજો કરી લીધો. ભાજપનો આરોપ છે કે આ પાર્ક વર્ષોથી ટીએમસીના સ્થાનિક નેતાઓના કબજામાં હતો અને સામાન્ય જનતાનું અહીં આવવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ હતો. આ પાર્કને ખાલી કરાવ્યા બાદ ભાજપે ખાલી રાજનીતિ સુધી મર્યાદિત ન રાખતા, તેને એક આધ્યાત્મિક વળાંક આપતા અહીં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું મંદિર બનાવવાની ઘોષણા કરી દીધી. ભાજપના નેતાઓનું કહેવું છે કે અમિત શાહે બંગાળને અરાજકતામાંથી મુક્તિ અપાવવા માટે જે સંઘર્ષ કર્યો છે, તેના માટે તેમને અહીં એક મહાનાયક તરીકે પૂજવામાં આવશે. આ ઘટના બાદ હાવડામાં તણાવનો માહોલ છે.



મધ્ય હાવડાના સ્થાનિક લોકોની ફરિયાદનો હવાલો આપતા ભાજપ સંયોજક શિવશંકર સાધુખાને ટીએમસી પર આકરા પ્રહારો કર્યા. આ મીડિયામાં છપાયેલા સમાચાર અનુસાર, ભાજપનો દાવો છે કે ટીએમસીના પૂર્વ કાઉન્સિલર શ્યામલ મિત્રાએ આ પાર્કને પોતાની ખાનગી સંપત્તિની માફક ઉપયોગ કરતા હતા. વર્ષોથી આ પાર્ક પર તાળા લટકતા રહ્યા હતા, જેના કારણે સ્થાનિક બાળકો રમી શકતા નહોતા અને વૃદ્ધોને ફરવાની જગ્યા નહોતી મળતી. ભાજપે આને ગુંડાગીરી ગણાવતા કહ્યું કે સરકારી સંપત્તિને કોઈ એક પાર્ટીના કાર્યાલય અથવા જાગીર બનવા દેવી જોઈએ નહીં. કાર્યકર્તાઓએ મંગળવારે તેના તાળા તોડી જનતા માટે પાર્ક ખોલવાનું કામ કર્યું. પાર્ક ખાલી કર્યા બાદ ભાજપે અહીં એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યું. ભાજપ કાર્યકર્તાઓનું કહેવું છે કે કેમ કે આ જગ્યા લાંબા સમયથી ખોટા હાથમાં હતી, એટલા માટે તેનું આધ્યાત્મિક શુદ્ધિકરણ જરૂરી છે. વૈદિક મંત્રોચ્ચારણ સાથે આહુતિઓ આપવામાં આવી અને આખો માહોલ ભગવા રંગે રંગાયો. કાર્યકર્તાઓનો ઉત્સાહ જોવા લાયક હતો અને તેઓ જયશ્રી રામની સાથે સાથે અમિત શાહના સમર્થનમાં નારા લગાવી રહ્યા હતા. ભાજપા નેતૃત્વે સ્પષ્ટ કર્યું છે કે હવેથી આ પાર્ક ખાલી સ્થાનિક લોકોના મનોરંજન માટે ખુલ્લો રહેશે અને અહીં કોઈ પણ રાજકીય પાર્ટીનો ગેરકાયદેસર કબજો સાંખી લેવામાં આવશે નહીં. ભાજપના પ્લાન અનુસાર અહીં ખાલી અમિત શાહનું મંદિર જ નહીં પણ પાર્ટી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પરિસરમાં નેતાજી સુભાષ ચંદ્ર બોસની પણ એક વિશાળ પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. ભાજપનું કહેવું છે કે બંગાળના એ મહાપુરુષો અને રક્ષકોનું સન્માન કરવું જોઈએ, જેમણે રાજ્યની માટી માટે કામ કર્યું છે. આ ઘોષણા પાછળ ભાજપની રણનીતિ બંગાળી અસ્મિતા અને હિન્દુત્વના એજન્ડાને એક સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. પાર્ટી ઈચ્છે છે કે લોકો અમિત શાહને ખાલી એક દિલ્હીના નેતા તરીકે ન જોતા, તેને બંગાળના સાંસ્કૃતિક અને રાજનીતિક રક્ષક તરીકે ઓળખે.

### ચીનના દબદબાને પડકારવાની મોટી તૈયારી

# વિયેતનામ સાથે ભારતની સુપર ડીલ, UPIથી ડિફેન્સ સુધી બધું જ બદલાયું

**નવી દિલ્હી,** નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં બુધવારે વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામએ ભારતની આર્થિક અને ટેકનિકલ વિકાસ દર જોઈને જે શબ્દો કહ્યા, તે વૈશ્વિક મંચ પર ભારતની વધતી શાખનું પ્રમાણ છે. તેમણે ભારતને ‘દુનિયામાં વિકાસ અને નવાચારનું કેન્દ્ર’ ગણાવ્યું. રાષ્ટ્રપતિ લામએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સફળ વાટાઘાટો બાદ સ્પષ્ટ કર્યું કે, હનોઈની વિદેશ નીતિમાં નવી દિલ્હી સાથેના સંબંધો સર્વોચ્ચ પ્રાથમિકતા પર છે. છેલ્લા ૫૦ વર્ષોના અતૂટ રાજદ્વારી સંબંધો અને એક દાયકાની મજબૂત વ્યૂહાત્મક ભાગીદારીને હવે ‘એન્હાન્સ્ડ કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ’ તરીકે નવી પાંખો મળી છે. બંને દેશોએ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે, આ મિત્રતા માત્ર બે દેશોના અંગત હિત માટે નથી. આ મિત્રતા સમગ્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિરતા અને શાંતિ માટે એક અનિવાર્ય શરત બની ચૂકી છે. વિયેતનામ હવે ભારતની વૈશ્વિક ભૂમિકાના વિસ્તારને માત્ર સમર્થન જ નથી આપી રહ્યું, પરંતુ દરેક વૈશ્વિક મંચ પર ભારતની સાથે ખભેખભા મિલાવીને ઊભા રહેવાનું વચન પણ આપી ચૂક્યું છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક ખૂબ જ ભાવુક અને મહત્વપૂર્ણ મુદ્દાનો ઉલ્લેખ કર્યો. તેમણે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલાની ચર્ચા કરી હતી. પીએમ મોદીએ આ મુશ્કેલ અને વિષમ પરિસ્થિતિમાં ભારતનો મક્કમતાથી સાથ આપવા બદલ વિયેતનામની સરકાર અને ત્યાંની જનતાનો આભાર માન્યો હતો. આ તે ઊંડા વિશ્વાસનો પાયો હતો જે સંકટના સમયે પરખાયો છે.

વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આતંકવાદ વિરુદ્ધ ભારતના સતત સંઘર્ષમાં વિયેતનામની નિંદા અને સમર્થન આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણું મહત્વ ધરાવે છે. બંને નેતાઓએ સંયુક્ત સંકલ્પ લીધો કે, તેઓ ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સુરક્ષા સહયોગને વધુ સઘન બનાવશે. આજના વૈશ્વિક ઉથલપાથલ વાળા ગાળામાં, જ્યાં ઘણી મોટી અર્થવ્યવસ્થાઓ સંઘર્ષ કરી રહી છે, ભારત અને વિયેતનામ દુનિયાની સૌથી ઝડપથી વધતી આર્થિક શક્તિઓ તરીકે ઉભરી આવ્યા છે. હવે આ બંને દેશો પોતાની આ ‘એન્હાન્સ્ડ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ’ના માધ્યમથી એકબીજાની ‘ઝડપી પ્રગતિ’માં સૌથી મોટા સહયોગી બનશે. આર્થિક મોરચે ભારત અને વિયેતનામ વચ્ચેનો તાલમેલ જોવા જેવો છે. છેલ્લા ૧૦ વર્ષોમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર બમણો થઈને ૧૬ બિલિયન ડોલર સુધી પહોંચી ચૂક્યો છે, પરંતુ બંને નેતાઓએ આટલાથી જ સંતોષ માન્યો નથી. હવે લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં આ વ્યાપારી આંકડાને ૨૫ બિલિયન ડોલરની પાર લઈ જવો છે. આ મહત્વાકાંક્ષી લક્ષ્યાંક હાંસલ કરવા માટે અનેક વ્યૂહાત્મક નિર્ણયો લેવામાં આવ્યા છે.

ખૂબ જ જલ્દી વિયેતનામના બજારોમાં ભારતના દ્રાક્ષ અને દાડમ પોતાની જગ્યા બનાવશે. કૃષિની સાથે-સાથે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં પણ ભારતને મોટી સફળતા મળી છે.

બંને દેશોની ડ્રગ ઓથોરિટીઝ વચ્ચે થયેલી સમજૂતીથી ભારતીય દવાઓની પહોંચ વિયેતનામના હોસ્પિટલો અને ઘરો સુધી સરળ બનશે. આ ઉપરાંત માછલી ઉછેર અને પશુ ઉત્પાદનોની નિકાસને સુગમ બનાવવા માટે પણ કાગળની કાર્યવાહીને સરળ કરવામાં આવી છે. મહત્વપૂર્ણ ખનિજો, રેર અર્થ મેટલ્સ અને ઉર્જા ક્ષેત્રમાં નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવશે, જેનાથી બંને દેશોની સપ્લાય ચેઈન અને આર્થિક સુરક્ષાને મજબૂતી મળે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવી એ આજના સમયની સૌથી મોટી રાજદ્વારી જરૂરિયાત છે. વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, વિયેતનામ ભારતની ‘એક્ટ ઈસ્ટ પોલિસી’ અને મહાસાગરોના વિઝનનો એક મુખ્ય સ્તંભ છે. બંને દેશોએ સંરક્ષણ અને સુરક્ષા સહયોગને પોતાની ભાગીદારીનો સૌથી મહત્વપૂર્ણ ‘વ્યૂહાત્મક સ્તંભ’ બનાવવા પર સહમતી દર્શાવી છે. આ સમજૂતી એ વાતનો સંકેત છે કે ભારત હવે પોતાના સંરક્ષણ ઉપકરણો અને સુરક્ષા અનુભવોને વિયેતનામ સાથે શેર કરવા માટે સંપૂર્ણ તૈયાર છે.

દરિયાઈ સુરક્ષા અને નૌકાવિહારની સ્વતંત્રતા માટે આંતરરાષ્ટ્રીય કાયદાઓ, ખાસ કરીને ઁદ્બઝ્રન્જી ૧૯૮૨નું ચુસ્તપણે પાલન કરવાની પ્રતિબદ્ધતા દોહરાવવામાં આવી છે. આ દક્ષિણ ચીન સાગરમાં વધતા તણાવ વચ્ચે એક ઘણો મોટો વ્યૂહાત્મક સંદેશ છે. વિયેતનામ સાથે ભારતનો આ વધતો સુરક્ષા સહયોગ માત્ર દ્વિપક્ષીય હિતોની રક્ષા જ નહીં કરે, પરંતુ આસિયાન (છજીઈછદ્ગ) દેશો સાથે ભારતના સંબંધોને પણ એક નવી ઊંડાઈ પ્રદાન કરશે. પીએમ મોદીના શબ્દોમાં, ભારત અને વિયેતનામ ‘સાથે ચાલશે, સાથે વધશે અને સાથે જીતશે’.

### કોંગ્રેસના ઉમેદવાર હતા મોતાબ શેખ

# SIRમાં નામ કપાયું છતાં ધારાસભ્ય બન્યાં મોતાબ શેખ

**કોલકાતા,** પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ અનેક રીતે ઐતિહાસિક રહી છે. ભાજપની જીત અને મમતા બેનર્જીની હાર વચ્ચે એક એવી સ્ટોરી સામે આવી છે જે લોકશાહીમાં અડગ વિશ્વાસ અને વ્યક્તિગત સંઘર્ષની જીત દર્શાવે છે. આ વાત છે કોંગ્રેસના ઉમેદવાર મોતાબ શેખની, જેઓ આજે બંગાળના સૌથી નસીબદાર વ્યક્તિ માનવામાં આવે છે.

૫૮ વર્ષીય મોતાબ શેખ માટે એક મહિના પહેલા સ્થિતિ સાવ વિપરીત હતી. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (જીંઈ) અભિયાન દરમિયાન નામ મેચ ન થવાને કારણે તેમનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું. આ સ્થિતિમાં તેઓ ચૂંટણી લડવા તો ઠીક, મતદાન કરવા માટે પણ અયોગ્ય ઠર્યા હતા.

મોતાબ શેખે હાર માનવાને બદલે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા અને પ્રાથમિકતાના ધોરણે સુનાવણીની માંગ કરી. સુપ્રીમ કોર્ટે ૫ એપ્રિલના રોજ તેમના પક્ષમાં ચુકાદો આપ્યો. રસપ્રદ વાત એ છે કે, આ ચુકાદાના બીજા જ દિવસે એટલે કે ૬ એપ્રિલે નામાંકન ભરવાની છેલ્લી તારીખ હતી અને શેખે પોતાનું ફોર્મ ભર્યું હતું. ફરક્કા બેઠક પરથી મોતાબ શેખે શાનદાર પ્રદર્શન કર્યું હતું.



શેખને ૬૩,૦૫૦ મત મળ્યા હતા. ફરક્કા પર તેમણે ૮,૦૦૦ થી વધુ મતોના તફાવતથી વિજય મેળવ્યો. આ બેઠક પર સત્તાધારી ્સ્ઝ ત્રીજા સ્થાને ધકેલાઈ ગઈ, જ્યારે ભાજપ બીજા ક્રમે રહી. સમગ્ર બંગાળમાં કોંગ્રેસના જે માત્ર બે ઉમેદવારો જીત્યા છે, તેમાં મોતાબ શેખનો સમાવેશ થાય છે. મોતાબ શેખને પ્રચાર માટે માત્ર ૧૪ દિવસનો સમય મળ્યો હતો. તેણે જણાવ્યું કે, નામ કપાવાની સમસ્યા અને ટિકિટ મળવામાં થયેલા વિલંબને કારણે હું અડધી બેઠક પર જ પ્રચાર કરી શક્યો હતો, જો પૂરો સમય મળ્યો હોત તો જીતનું અંતર ઘણું મોટું હોત. મોતાબ શેખનો પરિવાર પેઢીઓથી કોંગ્રેસ સાથે જોડાયેલો છે. અગાઉ પંચાયત ચૂંટણી લડનાર શેખ માટે આ પ્રથમ વિધાનસભા ચૂંટણી હતી. તેમની આ જીત દર્શાવે છે કે, જ્યારે જનતાનો સાથ હોય અને ન્યાયતંત્ર પર ભરોસો હોય, ત્યારે કોઈ પણ અવરોધ જીત રોકી શકતો નથી.

### UPSC માં મોટા ફેરફારની શક્યતા

# SC-ST-OBCની સાથે પેટા જ્ઞાતિના ઉલ્લેખની ભલામણ

**નવી દિલ્હી,** કેન્દ્રીય માહિતી પંચ (CIC) દ્વારા UPSC સિવિલ સેવા પરીક્ષાના પરિણામોમાં પારદર્શિતા વધારવા માટે એક મોટી ભલામણ કરવામાં આવી છે. સામાન્ય રીતે અત્યાર સુધી પરિણામ જાહેર કરતી વખતે ઉમેદવાર કઈ મુખ્ય શ્રેણી (જેમ કે SC, ST અથવા OBC)માંથી આવે છે તેની જ વિગતો આપવામાં આવતી હતી. પરંતુ હવે CIC એ સૂચન કર્યું છે કે અંતિમ પસંદગી યાદીમાં ઉમેદવારની મુખ્ય શ્રેણીની સાથે તેની પેટા જ્ઞાતિ (Sub-caste)નો પણ ઉલ્લેખ કરવો જોઈએ.

આ ફેરફાર પાછળનો મુખ્ય હેતુ એ જોવાનો છે કે અનામત નીતિનો ખરેખર લાભ સમાજના એવા વર્ગો સુધી પહોંચે છે કે જેઓ હજુ પણ પછાત છે. ઘણીવાર એવું બને છે કે મુખ્ય શ્રેણીની અંદર અમુક જ જ્ઞાતિઓ વધુ લાભ મેળવતી હોય છે, જ્યારે અન્ય પેટા જ્ઞાતિઓ વંચિત રહી જાય છે. જો પરિણામોમાં આ વિગતો જાહેર કરવામાં આવે, તો અનામતના લાભોનું વિતરણ કેટલું સચોટ અને સમાન છે તેનું ચોકસાઈથી મૂલ્યાંકન કરી શકાશે. આ ભલામણ પાછળનો મુખ્ય હેતુ એ છે કે, એક વ્યક્તિએ RTI (માહિતી અધિકાર) હેઠળ વર્ષ ૧૯૯૫ની UPSC પરીક્ષામાં IAS તરીકે પસંદ થયેલા ઉમેદવારોની જ્ઞાતિવાર માહિતી માંગી હતી. જોકે, સરકારી વિભાગે જવાબ આપ્યો કે તેમની પાસે માત્ર SC, ST અને OBC જેવી મુખ્ય શ્રેણીઓનો જ ડેટા છે, કઈ પેટા



જ્ઞાતિના કેટલા ઉમેદવારો છે તેની કોઈ વિગત ઉપલબ્ધ નથી.

આ બાબતને ધ્યાને રાખીને કેન્દ્રીય માહિતી પંચએ અવલોકન કર્યું કે જો ભવિષ્યમાં પરિણામોમાં જ્ઞાતિની સાથે પેટા જ્ઞાતિની જાણકારી પણ ઉમેરવામાં આવે, તો તેનાથી ઘણો ફાયદો થશે. તેનાથી એ સ્પષ્ટ રીતે જાણી શકાશે કે અનામતનો લાભ ખરેખર કયા જ્ઞાતિ સમૂહોને મળી રહ્યો છે અને કયા સમૂહો હજુ પણ વંચિત છે, જેથી અનામત નીતિનું વધુ સચોટ મૂલ્યાંકન કરી શકાય.

કેન્દ્રીય માહિતી પંચે આ બાબત પર ભાર મૂકતા જણાવ્યું છે કે, જો પેટા જ્ઞાતિની વિગતો પણ જાહેર કરવામાં આવે, તો તેનાથી એ ચોકસાઈપૂર્વક જાણી શકાશે કે અનામતનો લાભ ખરેખર સમાજના દરેક નાના-મોટા અને વિવિધ સમુદાયો સુધી પહોંચી રહ્યો છે કે નહીં. હાલમાં UPSCના પોર્ટલ પર વર્ષ ૨૦૧૭ પછીની

# કોગ્નિઝન્ટમાં મોટા પાયે છટણી (Layoff)ની તૈયારીઓ ચાલી રહી છે

**નવી દિલ્હી,** આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની કોગ્નિઝન્ટમાં મોટા પાયે છટણી (Layoff)ની તૈયારીઓ ચાલી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, આ વખતે ૧૫,૦૦૦થી વધુ કર્મચારીઓની નોકરી પર જોખમ તોળાઈ રહ્યું છે અને તેની સૌથી વધુ અસર ભારત પર જોવા મળી શકે છે. ઓરેકલ અને એમેઝોન પછી આ વર્ષની આ સૌથી મોટી છટણી ગણવામાં આવી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, કંપનીમાં કુલ ૩,૫૭,૦૦૦થી વધુ વૈશ્વિક કર્મચારીઓ છે, જેમાં ભારતનો હિસ્સો ઘણો મોટો છે.

કંપનીએ અગાઉ જ એવા સંકેત આપ્યા હતા કે છટણીની પ્રક્રિયા દરમિયાન અસરગ્રસ્ત કર્મચારીઓને વળતર ચૂકવવા માટે અંદાજે ૨૩૦ મિલિયન ડોલરથી ૩૨૦ મિલિયન ડોલર ખર્ચવામાં આવશે. પ્રોજેક્ટ લીપ હેઠળ અલગ રાખવામાં આવેલી આ રકમને જોતા એવો અંદાજ છે કે આ બજેટ એકલા ભારતમાં જ ૧૨,૦૦૦થી ૧૩,૦૦૦ કર્મચારીઓને આવરી શકે છે. જો ભારતીય કર્મચારીનો સરેરાશ વાર્ષિક પગાર ૧૫ લાખ રૂપિયા હોય અને તેમને છ મહિનાનું વળતર



આપવામાં આવે, તો દરેક કર્મચારીને આશરે ૭.૫ લાખ રૂપિયા મળી શકે છે. આઈટી સેક્ટરમાં આ છટણી પાછળનું મુખ્ય કારણ ટેકનોલોજીમાં આવી રહેલો બદલાવ છે.

# એપ્રિલમાં પાણીજન્ય રોગોના ૮૦૦ કેસ, પાણીપુરીના એકમો પર તંત્રની તપાસ

અમદાવાદ, અમદાવાદ શહેરમાં ગરમીનો પારો વધવાની સાથે જ પાણીજન્ય રોગચાળામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ચાલુ વર્ષે એપ્રિલ માસ દરમિયાન શહેરમાં ઝાડા-ઉલટી, કમળો અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગોના અંદાજે ૮૦૦ જેટલા કેસો નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. AMCના ઈન્ચાર્જ હેલ્થ ઓફિસર ડૉ. ભાવિન સોલંકીએ આપેલી માહિતી મુજબ, એપ્રિલ મહિનામાં જ ઝાડા-ઉલટીના ૬૪૨ કેસ, ટાઈફોઈડના ૧૫૫ કેસ અને કમળોના ૫૫ કેસ નોંધાયા છે. અમદાવાદ શહેરમાં પાણીની ગુણવત્તા તપાસવા માટે આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં પાણીની ગુણવત્તા ચકાસવા માટે ૫૨,૦૦૦ જેટલા ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન ૧૩ જેટલી જગ્યાઓ પર પાણીમાં ક્લોરીનનું પ્રમાણ ’નીલ’ (શૂન્ય) જોવા મળ્યું હતું, જે ગંભીર બેદરકારી દર્શાવે છે. વધુમાં, રોગચાળાને ડામવા માટે AMCની ટીમો દ્વારા અમદાવાદ શહેરના વિવિધ પાણીપુરીના એકમો પર રેડ કરીને ત્યાં વપરાતા પાણીના સેમ્પલ લેવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ઉનાળામાં દૂષિત પાણી અને ખોરાકને કારણે આ કેસો વધી રહ્યા હોવાથી નાગરિકોને ઉકાળેલું પાણી પીવા અને બહારનો ખુલ્લો ખોરાક ન ખાવા અપીલ કરવામાં આવી છે.

ટ્રુ હોમ ફાઈનાન્સ લીમીટેડ
(વિધિવત શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી)
Truhome FINANCE
રજીસ્ટર્ડ ઓફિસઃ શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દરવાજા નં.૫, જુનો નં.૧૧, બીજી લેન, સેનાટોફા રોડ, અલવરપેટ, ટેયનામપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૮
હેડ ઓફિસ : લેવલ-૩, વોકહાર્ડટ ટાવર્સ, ઈસ્ટ વિંગ, સી-૨બ્લોક, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૧
વેબસાઈટ : http://www.truhomefinance.in

ભૌતિક કબ્જા નોટીસ

જ્યારે, ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણિતી) ના અધિકૃત અધિકારી તરીકે, નીચે સહી કરનારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યારબાદ ‘અધિનિયમ’ તરીકે ઓળખાશે) ની જોગવાઈઓ હેઠળ, અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (ત્યારબાદ ‘નિયમો’ તરીકે ઓળખાશે) ના નિયમ ૩ સાથે વાંચેલા કાયદાની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, દેવાદારોને માંગ નોટિસ જારી કરી હતી, જેની વિગતો નીચેના કોષ્ટકમાં ઉલ્લેખિત છે, જેમાં તેમને તેમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે દર્શાવેલ છે.

લોન લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, લોન લેનારાઓ અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે અધિકૃત અધિકારી ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતા) એ ૦૮ મે ૨૦૨૬ ના રોજ ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.

ખાસ કરીને ઋણ લેનાર અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથે કોઈપણ વ્યવહાર ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતા) ના ચાર્જને આધીન રહેશે, જે નીચે દર્શાવેલ રકમ અને તેના પર વ્યાજ ચૂકવવામાં આવશે.

ઋણ લેનારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આકર્ષાય છે, જે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત સંપત્તિઓ રિડીમ કરવા માટે છે.

દેવાદારનું નામ અને સરનામું
પીયૂષ ત્રિભોવનભાઈ રાજપરા, ચેતનાબેન ત્રિભોવનભાઈ, મારુતિ નંદન ટ્રાન્સપોર્ટ બાય ઓએએસએસ રોડ દુર્લભા પાર્ટી પ્લોટ પાછળ, આનંદ નગર ૨ મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧.

માંગણા નોટિસ મુજબ બાકી લેણાં રકમ
માંગણા નોટિસ તારીખ - ૧૪/૧૧/૨૦૨૫, રૂ. ૧૦૮૧૪૨૧/- (રૂપિયા દસ લાખ એક્યાસી હજાર ચારસો એકવીસ માત્ર) તારીખ ૦૭-૧૧-૨૦૨૫ ના રોજ
લોન એકાઉન્ટ નંબર SLPHMRBI0000413
ભૌતિક કબજા તારીખઃ ૦૮/૦૫/૨૦૨૬ ના સંદર્ભમાં.

ગીરો મિલકતનું વિવરણ
મોરબી, તાલુકા ગામ - માધાપર આરએસ નં. ૯૧૪, રહેણાંક એન.એ. પ્લોટ નં. ૨૧ પાયકી ખુલ્લી જમીન માપન ૪૧-૮૨૧ ચો.મી. એટલે કે ૪૫૦.૦૦ચો.ફૂટ, એન.એ. મોરબી જિલ્લાના ‘આનંદ નગર ૨’ તરીકે ઓળખાય છે, તે મિલકત નીચે મુજબ સીમિત છે. ઉપરોક્ત મિલકતની સીમાઓ, પૂર્વઃ આ પ્લોટ નં. ૨૧ પાઈકી જમીન, પશ્ચિમ : આ પ્લોટ નં. ૨૧ પાઈકી અન્ય માલિકની જમીન, ઉત્તર : એન.એ. રોડ, દક્ષિણઃ એસ.એન.નં. ૯૧૫ની જમીન

સ્થળ : મોરબી
તારીખ : ૦૮-૦૫-૨૦૨૬
સહી/- અધિકૃત અધિકારી ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ
(શ્રી રામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે અગાઉ જાણિતી)

શાખાના સ્થાનાંતરણ માટેની સૂચના
પૂનાવાલા ફિનકોર્પ લિમિટેડ
POONAWALLA FINCORP
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૨૪૦૧, ૨૪મો માળ, અલ્ટીમસ, ડૉ. જી. એમ. ભોસલે માર્ગ વર્લી, મુંબઈ - ૪૦૦૦૧૮, મહારાષ્ટ્ર
રજિસ્ટર્ડ ઓફિસઃ ૨૦૧ અને ૨૦૨, બીજો માળ, એપી૮૧, કોરેગાંવ પાર્ક એનેક્સ મુંધવા, પુણે - ૪૧૧ ૦૩૬, મહારાષ્ટ્ર
CIN: L51504PN1978PLC209007 વેબસાઈટઃ www.poonawallafincorp.com

અમારા બધા ગ્રાહકો, પોલિસીધારકો અને જાહેર જનતાને આ સૂચનાના ૯૧ દિવસ પછી એટલે કે ૦૮ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ કોર્પોરેટ સેન્ટર, ભાવનગર (ગુજરાત) માં અમારી નીચેની શાખા શાંતિ સ્કાય, ભાવનગર (ગુજરાત) માં ખસેડવામાં આવશે. ઓગસ્ટ ૨૦૨૬.

| પ્રેષક | પ્રતિ |
|---|---|
| ૩૦૩, ત્રીજો માળ, કોર્પોરેટ સેન્ટર, દક્ષિણામૂર્તિ શાળા સામે વાઘાવાડી રોડ, ભાવનગર ગુજરાત - ૩૬૪૦૦૨ | ઓફિસ નં. ૧૦૨, પહેલો માળ, શાંતિ સ્કાય, સિટી સર્વે વોર્ડ નં. ૭, શીટ નં. ૨૪૩, સિટી સર્વે નં. ૧૮૭૨ પ્લોટ નં. ૨૧૦૯, વાઘાવાડી રોડ ભાવનગર, ગુજરાત - ૩૬૪૦૦૧ |

ઉપરોક્ત સમયગાળા પછી, ઉપરોક્ત શાખા સાથે કોઈપણ પ્રશ્નો અથવા વણઉકેલાયેલી સમસ્યાઓ ધરાવતી કોઈપણ વ્યક્તિ અમારો +૯૧-૧૮૦૦-૨૬૬-૩૨૦૧ (ટોલ ફ્રી) પર સંપર્ક કરી શકે છે અથવા customercare@poonawallafincorp.com પર ઈ-મેલ કરી શકે છે.

ભૌતિક કબ્જા નોટીસ
ICICI Bank
શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧ પ્લોટ નં.૧ પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર | મિલકતોની વિગતો / ભૌતિક કબ્જાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| 1. | મોહમ્મદ ફૈઝાન મોહમ્મદ જમીલ અહેમદ ખાન અને નસીમ બેગમ જમીલ અહેમદ ખાન/ TBAUR00007081361 અને LBAUR00007087336 | ફ્લેટ નં. સી-૫, પહેલો માળ, વિંગ સી, બ્લુ ઓએસીસ ગટ નં.૨૫/ પવિલેજ સતારા, બીડ બાય પાસ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧/ ૦૪ મે, ૨૦૨૬ | August 13,2025/ Rs. 25,95,591.00/- | ઔરંગાબાદ/ વડોદરા |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.
તારીખ : ૦૯ મે, ૨૦૨૬
સ્થળ : વડોદરા
નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા,
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે

સાંકેતિક કબ્જા નોટીસ
ICICI Bank
બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિ, ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં. ૧ પ્લોટ નં. બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે ( વેસ્ટ)-૪૦૦૬૦૪.

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર | મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| 1. | એકનાથ સુખલાલ શેરસાથ શશિકલા એકનાથ કોળી - LBSUR00004094930 LBSUR00006273924 LBSUR00004094931 | રો હાઉસ નં.૬૮, સ્વસ્તિક ટાઉનશીપ, આર.એસ. નં.૨૨૦, ૨૨૧, ૨૨૩, બ્લોક નં.૩૪૦/એ, ટી.પી. સ્કીમ નં.૪૧ (ડીંડોલી), એફ.પી.નં.૩૧, મોજે-ડીંડોલી, ગાયત્રી નગર, શુભમ ટાઉનશીપ પાસે, ગુજરાત, સુરત-૩૯૫૦૦૬/ ૦૬ મે, ૨૦૨૬ | January 17, 2026 Rs. 16,45,726/- | સુરત |
| 2. | કૃષ્ણકુમાર વિજયપ્રકાશ ગુપ્તા અને ગુપ્તા શારદાબેન વિજયભાઈ - LBSUR00006094549 LBSUR00006094550 | પ્લોટ નં.૧૫૮, અંબિકા પાર્ક-૨, તિરૂપતિ રો હાઉસ સામે, રાધા કૃષ્ણ રેસિડેન્સી પાસે, દેલાડવા, આર.એસ. નં.૯૭, ૯૮/૧, ૯૮/૨, અને ૧૦૦, બ્લોક નં.૧૫૨ થી ૧૫૫, ટી.પી.એસ. નં.૬૯, એફ.પી. નં.૧૩૪-બી, ડીંડોલી ખારવાસા રોડ, ગોડાદરા, ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦/ ૦૬ મે, ૨૦૨૬ | February 11,2026 Rs. 16,19,407.54/- | સુરત |
| 3. | હરભજનસિંહ કિશનચંદ ખુરાના અને જસપાલસિંહ હરભજનસિંહ ખુરાન/ પરવીનકૌર હરભજનસિંહ ખુરાના - LBSUR00004725067 | યુનિટ નં.૩૦૦૯, ચોથો માળ, સોમેશ્વર ટેક્સટાઈલ માર્કેટ, જૂનો આર.એસ. નં.૧૬ પૈકી, ટી.પી. સ્કીમ નં.૭ (આંજણા), એફ.પી.નં.૮૧ પૈકી, સિટી સર્વે નોંધ નં.૧૫૮૮/૧/૧, ૧૫૮૮/૨, ૧૫૮૮/૩ અને ૧૫૮૮/૪, મોજે-ઉમરવાડા, આંજણા, મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ પાસે, રિંગ રોડ, ગુજરાત, સુરત-૩૯૫૦૦૨/ ૦૬ મે, ૨૦૨૬ | January 20, 2026 Rs. 55,17,155.99/- | સુરત |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.
તારીખ : ૦૯ મે, ૨૦૨૬
સ્થળ : સુરત
નિષ્ઠાપૂર્વક અધિકૃત સહીકર્તા
આઈસીઆઈસીઆઈ બેંક લી. વતી

### સુરત નજીક બર્ડ ફ્લૂનો ખતરો

# નવાપુર–નંદુરબારમાં H5N1 ફાટી નીકળતાં અઢી લાખ મરઘાંનો નિકાલ

## પ્રભાવિત વિસ્તારોમાં એક કિલોમીટરના રેડિયસમાં આવેલા તમામ પોલ્ટ્રી ફાર્મમાં વિશાળ સ્તરે "કુલિંગ ઓપરેશન" હાથ ધરવામાં આવ્યું

સુરત, સુરતને અડીને આવેલા મહારાષ્ટ્રના સરહદી વિસ્તારો નવાપુર અને નંદુરબારમાં ઉપદ્દ૧ બર્ડ ફ્લૂનો ચોંકાવનાર મામલો સામે આવ્યો છે. તારીખ ૩૦ એપ્રિલે નવાપુર ખાતે પોલ્ટ્રી ફાર્મમાંથી લેવાયેલા સેમ્પલમાં બર્ડ ફ્લૂ પોઝિટિવ હોવાનું બહાર આવતા સમગ્ર પ્રશાસન એલર્ટ મોડ પર આવી ગયું છે. પ્રાથમિક માહિતી મુજબ, નવાપુરના પોલ્ટ્રી ફાર્મમાં અચાનક મરઘાંના મોત વધતાં સંચાલકો દ્વારા મહારાષ્ટ્રના પશુ ચિકિત્સાલયનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પશુ ચિકિત્સક અધિકારીઓએ સ્થળ પર જઈ તપાસ હાથ ધરી અને મરઘાંના સેમ્પલ લઈ ભોપાલની લેબોરેટરીમાં મોકલ્યા હતા. લેબ રિપોર્ટમાં H5N1 વાયરસની પુષ્ટિ થતાં જ તંત્રએ તાત્કાલિક કડક પગલાં ભર્યાં. મહારાષ્ટ્ર સરકાર દ્વારા નવાપુર અને નંદુરબારના પ્રભાવિત વિસ્તારોમાં એક કિલોમીટરના રેડિયસમાં આવેલા તમામ પોલ્ટ્રી ફાર્મમાં વિશાળ સ્તરે "કુલિંગ ઓપરેશન" હાથ ધરવામાં આવ્યું. આ કામગીરી દરમિયાન અંદાજે ૨.૫ લાખ જેટલા મરઘાંનો નિકાલ કરવામાં આવ્યો છે, જેથી વાયરસના ફેલાવાને રોકી શકાય. જિલ્લા કલેક્ટર દ્વારા બર્ડ ફ્લૂની સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવી છે અને પ્રભાવિત વિસ્તારોને નિયંત્રણ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. પ્રશાસન દ્વારા પોલ્ટ્રી ફાર્મ સંચાલકોને પ્રતિ મરઘા દીઠ રૂ.૧૪૦નું વળતર આપવાની જાહેરાત કરવામાં આવી છે. જોકે, પોલ્ટ્રી ફાર્મ એસોસિએશન આ વળતરથી અસંતોષ વ્યક્ત કરી રહ્યું છે. એસોસિએશનના પ્રમુખે જણાવ્યું કે એક મરઘા ઉછેરવાનો ખર્ચ વધુ હોય છે, તેથી રૂ.૧૪૦નું વળતર પૂરતું નથી. આ બર્ડ ફ્લૂની અસર માત્ર મહારાષ્ટ્ર સુધી મર્યાદિત નથી રહી, પરંતુ તેની અસર સીધી સુરતના બજારો પર પણ પડી રહી છે. નવાપુરમાંથી રોજબરોજ મોટા પ્રમાણમાં ઈંડાનો સપ્લાય સુરત શહેરમાં થતો હતો. અંદાજે રૂ.૫૦ લાખના ઈંડા રોજ સુરત પહોંચતા હતા, પરંતુ હાલ સપ્લાય બંધ થતાં વેપારીઓને ભારે નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

આરીફભાઈએ વધુમાં જણાવ્યું કે, મરઘાં અને ઈંડા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓને દરરોજ લાખો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. સપ્લાય ચેઇન ખોરવાઈ જતા બજારમાં અછત અને ભાવવધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે ગુજરાત આરોગ્ય વિભાગ અને પશુપાલન વિભાગ પણ સતર્ક બની ગયા છે. સરહદી વિસ્તારોમાં ચકાસણી વધારવામાં આવી છે અને સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને સુરક્ષા પગલાં કડક બનાવવામાં આવ્યા છે. તંત્ર દ્વારા લોકોને અફવાઓથી દૂર રહેવા અને માત્ર સત્તાવાર સૂચનાઓ પર વિશ્વાસ રાખવાની અપીલ કરવામાં આવી છે. યોગ્ય રીતે રાંધેલા મરઘાં અને ઈંડા ખાવાથી કોઈ જોખમ નથી, પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. બર્ડ ફ્લૂની આ ઘટના ફરી એકવાર દર્શાવે છે કે, પશુપાલન ક્ષેત્રમાં બાયો-સિક્યોરિટી અને સમયસર તપાસ કેટલા મહત્વપૂર્ણ છે. હાલ પરિસ્થિતિ પર કડક નજર રાખવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં વધુ પગલાં લેવામાં આવી શકે છે.

# અપગ્રેડેડ યાત્રી આરક્ષણ સિસ્ટમ (Passenger Reservation System)માં ઓગસ્ટથી રેલગાડીઓનું થશે શિફ્ટિંગ



અમદાવાદ, આજે રેલવે ભવનમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ એ અધિકારીઓની સાથે સમીક્ષા બેઠકમાં ૪૦ વર્ષ જૂની આરક્ષણ સિસ્ટમમાં અપગ્રેડેડ સિસ્ટમ પર ટ્રેનોના શિફ્ટિંગ થતી વખતે યાત્રીઓને તકલીફ ન થાય એ માટે અધિકારીઓને નિર્દેશ આપ્યા. આ બેઠકમાં રેલવે રાજ્ય મંત્રી વી. સોમન્ના અને રવનીત સિંહ બિટ્ટૂ પણ ઉપસ્થિત હતા.

૧૯૮૬ માં શરૂ થયેલ આ સિસ્ટમમાં પાછલા ૪૦ વર્ષોમાં કેટલાય નાના મોટા ફેરફાર કરવામાં આવ્યા. પરંતુ હવે આમાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે. અત્યાધુનિક ટેકનિકનો ઉપયોગ કરીને એની ક્ષમતાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. રેલવે આરક્ષણ સિસ્ટમે કેટલાય મહત્વપૂર્ણ તબક્કાઓ જોયા છે. વર્ષ ૨૦૦૨ માં ભારતીય રેલવે એ tickating માં internat નો પ્રયોગ શરૂ કર્યો. આજે આ સિસ્ટમ એટલી લોકપ્રિય છે કે દેશની મોટાભાગની વસ્તી બારી તરફ જતી નથી. દેશમાં આજે જેટલી પણ tickating ની માંગ છે તેનો મોટો ભાગ (૮૮%) online મારફતે થાય છે. ભારતીય રેલવેની મોબાઈલ એપ રેલવન યાત્રીઓ વચ્ચે ખૂબ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. રેલવન એપની શરૂઆત ગયા વર્ષે જુલાઈમાં થઈ હતી. એક વર્ષમાં ઓછા સમયમાં જ દેશભરમાં અત્યાર સુધી ૩.૫ કરોડ ડાઉનલોડ થઈ ગયા છે. આ એપના લોકપ્રિય થવાના કેટલાક કારણોમાં સૌથી મોટુ કારણ એ છે કે આ એપ દેશના સામાન્ય માણસને રેલવે સંબંધિત તમામ માહિતી તો આપે જ છે, ટિકિટીંગ તથા અન્ય સેવાઓથી જોડાયેલી ફરિયાદોનું પણ નિવારણ કરે છે.

આજે જ્યારે આપ પોતાની ટિકિટ બનાવો છે, તે રેલવન એપ આપને જણાવે છે કે આપની વેઈટીંગમાં દેખાતી ટિકિટ કન્ફર્મ થશે કે નહી. ટિકિટના કન્ફર્મ થવાની સચોટ શક્યતા પણ હવે આપને એઆઈ મારફતે રેલવન એપ બતાવવા લાગી છે. આ નવી સુવિધા આ વર્ષની શરૂઆતથી લાગુ કરવામાં આવી છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. રેલવન એપ પર વેઈટીંગ ટિકિટના કન્ફર્મ થવાના અનુમાનની સચોટતા અગાઉ કરતાં ૫૩ ટકા વધીને હવે ૯૪ ટકા સુધી પહોંચી ગઈ છે.

રેલવન એપમાં આ પ્રકારની કેટલીય એકિકૃત અને આધુનિક સુવિધાઓ છે, જે રેલવે સંબંધિત અન્ય તમામ સેવાઓને પણ પોતાનામાં સમાવે છે. જેમ કે – આરક્ષિત, અનારક્ષિત તથા પ્લેટફોર્મ વગેરે વિવિધ પ્રકારની ટિકિટોનું બુકિંગ, કેન્સલેશન તથા રિફન્ડ.

આની સાથે સાથે આપના હાલના ટિકિટનાં વેઈટીંગના status ની નવી સ્થિતિ, ટ્રેનના આવવા જવાનો સમય, ટ્રેનની હાલની સ્થિતિ, ટ્રેનના આવવા-જવાના platform, આપના coach ની position, રેલવે મદદ જેવી મહત્વપૂર્ણ માહિતી રેલવન (RailOne) app પર છે. પોતાની યાત્રા દરમિયાન આપ પોતાનું food પણ રેલવન (RailOne) app પર order કરી શકો છો. App આપને એ વિકલ્પ આપે છે કે આપની seat સુધી આપનું મનપસંદ ભોજન પહોંચી શકે. આરામદાયક અને સેવાકારક સુવિધાઓથી સજ્જ આ રેલવન (RailOne) app ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. આની સાથે-સાથે આપની હાલની ટિકિટની વેઈટીંગની સ્થિતિની નવીન માહિતી, ટ્રેનના આવવા-જવાનો સમય, ટ્રેનની હાલની સ્થિતિ, ટ્રેનના આવવા-જવાના પ્લેટફોર્મ, આપના કોચની સ્થિતિ જેવી મહત્વપૂર્ણ માહિતીઓ પણ રેલવન એપ પર ઉપલબ્ધ છે. આપની યાત્રા દરમિયાન આપ રેલવન એપ પર ભોજન પણ ઓર્ડર કરી શકો છે. આ એપ આપને એ સુવિધા આપે છે કે આપની સીટ સુધી આપનું મનપસંદ ભોજન પહોચી શકે. આરામદાયક અને સેવાકારક સુવિધાઓથી સજ્જ આ રેલવન ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. રોજેરોજ આ app મારફતે દેશભરમાં ૯.૨૯ લાખ ટિકિટો boko થઈ રહી છે. આમાં ૭.૨ લાખ ટિકિટો અનારક્ષિત તથા અન્ય ૨.૦૯ લાખ આરક્ષિત ટિકિટો છે. અનારક્ષિત ટિકિટોમાં platform ટિકિટ પણ સામેલ છે. Android તથા IOS પર રેલવન (RailOne) app નો લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. જ્યાં ૩ કરોડ ૧૬ લાખ લોકોએ આને ગૂગલ પ્લેસ્ટોરથી અત્યાર સુધી ડાઉનલોડ કરી છે. ત્યાં ૩૩.૧૭ લાખ લોકોએ આને એપલ phones માં ડાઉનલોડ કરી છે. દેશમાં યાત્રીઓ માટે ભારતીય રેલવે એક જીવન રેખા છે - ભારતીય રેલવે એ ૨૦૨૪-૨૫માં યાત્રીઓની ટિકિટો પર ૬૦,૨૩૯ કરોડ રૂપિયાની સબસિડી આપી. આ રેલવે પર યાત્રા કરનારા દરેક વ્યકિતની સરેરાશ ૪૩% ની મુક્તિની બરાબર છે. બીજા શબ્દોમાં, જો સેવા આપવાનો ખર્ચ ૧૦૦ રૂપિયા છે, તો ટિકિટનું મૂલ્ય ફક્ત ૫૭ રૂપિયા છે.

### અખિલેશે ભાજપ પર મૂક્યા ગંભીર આરોપ

# પ.બંગાળમાં મતગણતરીના CCTV ફૂટેજ જાહેર કરો

**લખનૌ,** પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પરિણામો બાદ રાજકીય ગરમાવો તેજ થયો છે. ટીએમસી (TMC)ની હાર બાદ મમતા બેનરજીએ રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે, ત્યારે હવે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ મમતા દીદીનું સમર્થન કર્યું છે. એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અખિલેશ યાદવે બંગાળના પરિણામો પર અસંતોષ વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટ પાસે મોટી માંગણી કરી છે. તેમણે માંગ કરી છે કે બંગાળમાં થયેલી મતગણતરીના સીસીટીવી (CCTV) ફૂટેજ આખા દેશ સામે જાહેર કરવામાં આવે. આ ઉપરાંત, તેમણે મમતા બેનરજીને નૈતિક સમર્થન આપવા માટે બંગાળ જવાની જાહેરાત પણ કરી છે. અખિલેશ યાદવે ભાજપ પર પ્રહાર



કરતા જણાવ્યું હતું કે, જે બેઠકો પર મતો કપાયા ત્યાં ભાજપ ૨૦,૦૦૦થી વધુ મતોથી જીતી ગઈ છે. તેમણે કહ્યું કે બંગાળનો આ અનુભવ તેમને ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં કામ લાગશે અને વર્ષ ૨૦૨૭માં યુપીમાં સમાજવાદી પાર્ટીની સરકાર બનશે. અખિલેશ યાદવે ભાજપ પર કચેરીઓ સળગાવવાનો આરોપ લગાવતા કહ્યું કે, ભાજપ હાર્યા બાદ તોડફોડ કરી રહી છે અને આ દ્રશ્યો આખી દુનિયા જોઈ રહી છે. અખિલેશ યાદવે ભાજપની કાર્યશૈલી પર આકરા પ્રહાર કરતા તેને 'દસ નંબરી મોડલ' ગણાવ્યું છે. તેમણે આંકડાકીય માહિતી આપતા સ્વીકાર્યું હતું કે, વર્ષ ૨૦૨૪ની પેટાચૂંટણીમાં સપાને માત્ર ૧૨% મતો મળ્યા હતા, જ્યારે તેની સામે ભાજપને ૭૭% જેટલા મોટા પાયે મતો મળ્યા હતા, જે ઉત્તર પ્રદેશમાં સપા માટે એક મોટી હાર સમાન હતી. જોકે, તેમણે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે ભગવાન શ્રીરામના આશીર્વાદ સમાજવાદી પાર્ટીની સાથે છે. અખિલેશ યાદવના મતે, ભાજપે અયોધ્યામાં ગરીબ લોકોની જમીનો છીનવીને તેમની સાથે અન્યાય કર્યો છે, જેના કારણે સામાન્ય જનતામાં ભાજપ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## મહિનાથી ગાયબ થયેલું ટેન્કર અચાનક ભારત નજીક પહોંચ્યું, ઈરાન યુદ્ધ વચ્ચે પહેલીવાર LNG ટેન્કરે પાર કર્યું હોર્મુઝ

નવી દિલ્હી, અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ફેબ્રુઆરીના અંતથી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વ ધરાવતી હોર્મુઝ સ્ટ્રેટ લગભગ બંધ જેવી સ્થિતિમાં છે. આ તણાવપૂર્ણ સ્થિતિમાં ઈરાને ભારત જેવા મિત્ર દેશોના કેટલાક જહાજોને પસાર થવાની મંજૂરી આપી છે, તેમ છતાં સેંકડો જહાજો હજુ પણ ત્યાં અટવાયેલા છે. જોકે, આ દરમિયાન ભારત માટે એક મોટા અને પોઝિટિવ સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી હોર્મુઝમાંથી માત્ર તેલ અને એલપીજીના જહાજો જ નીકળી શક્યા હતા, પરંતુ યુદ્ધ શરૂ થયા બાદ હવે પ્રથમ વખત એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ભરેલું એક વિશાળ ટેન્કર હોર્મુઝ પાર કરીને ભારતના દરિયાકાંઠે પહોંચ્યું છે. રોયટર્સ અને જહાજ ટ્રેકિંગ ડેટાના રિપોર્ટ અનુસાર, યુએઈની એડીએનઓસી દ્વારા સંચાલિત આ એલએનજી ટેન્કર હાલમાં ભારતના પશ્ચિમ કિનારે જોવા મળ્યું છે. ૧,૩૬,૩૫૭ ઘન મીટરની ક્ષમતા ધરાવતું આ જહાજ ૩૦ માર્ચ પછી અચાનક ગાયબ થઈ ગયું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે, આ જહાજે હોર્મુઝ સ્ટ્રેટ સુરક્ષિત રીતે પાર કરવા માટે એક ખાસ વ્યૂહનીતિ અપનાવી હતી અને પોતાનું સિગ્નલ બંધ કરી દીધું હતું.

જેથી તેને ટ્રેક ન કરી શકાય. હોર્મુઝ પસાર કર્યા પછી જહાજે ફરીથી પોતાનું સિગ્નલ ચાલુ કર્યું, જેનાથી તેના સફળતાપૂર્વક પસાર થવાની પુષ્ટિ થઈ છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આ પ્રથમ ઘટના છે જ્યારે ગેસથી ભરેલું કોઈ ટેન્કર સુરક્ષિત બહાર આવ્યું હોય.

## AU સ્મોલ ફાઈનાન્સ બેંકે શૂન્ય ફોરેક્સ માર્જિન રેમિટન્સ રજૂ કર્યું




અમદાવાદ, AU સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB), ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક અને એક દાયકાથી વધુ સમય પછી યુનિવર્સલ બેંકમાં રૂપાંતરિત થવા માટે ભારતીય રિઝર્વ બેંક તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મેળવનાર પ્રથમ સંસ્થા, આંતરરાષ્ટ્રીય ભંડોળ ટ્રાન્સફર પર એમ્બેડેડ ચાર્જને દૂર કરવાના હેતુથી ગ્રાહક કેન્દ્રિત ફોરેક્સ દરખાસ્ત શરૂ કરી છે. આ ઓફર સાથે, AU SFB ખાનગી ક્ષેત્રની એકમાત્ર ભારતીય બેંક બની છે જે ઇનવર્ડ અને આઉટવર્ડ બંને રેમિટન્સ પર શૂન્ય ફોરેક્સ માર્જિન અને શૂન્ય બેંક ચાર્જ પ્રદાન કરે છે, જેનાથી ગ્રાહકો કોઈપણ છુપાયેલા માર્ક અપ વિના ખરેખર પારદર્શક વિનિમય દરે ભારતમાં અને ભારતમાંથી નાણાં ટ્રાન્સફર કરી શકે છે. આ પહેલ શિક્ષણ, પરિવારના ભરણપોષણ, રોકાણો અને અન્ય RBI માન્ય હેતુઓ માટે વિદેશમાં ભંડોળ મોકલતા રહેવાસી ભારતીયો માટે લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) હેઠળ બાહ્ય રેમિટન્સ (વિદેશમાં પૈસા મોકલો) તેમજ AU NRE અને NRO ખાતાઓ દ્વારા NRIs માટે ઇનવર્ડ અને આઉટવર્ડ રેમિટન્સને આવરી લે છે. આ પગલા સાથે, AU SFB પારદર્શક ફોરેક્સ સેવાઓ, આંતરરાષ્ટ્રીય રેમિટન્સ અને ગ્રાહક કેન્દ્રિત ડિજિટલ બેંકિંગ સોલ્યુશન્સમાં તેની સ્થિતિ મજબૂત બનાવે છે.

## આધ્યાત્મિક અગ્રણી ડૉ. એસ. ગોપાલ દેવે પોતાના ૫૦મા ગ્લોબલ રેકી હીલિંગ કેમ્પ દ્વારા રચ્યો નવો ઈતિહાસ



અમદાવાદ, હોલિસ્ટિક સાયન્સ (સમગ્રતાવાદી વિજ્ઞાન) ક્ષેત્રે જાણીતું નામ અને રેકી ગ્રાન્ડ માસ્ટર ડૉ. એસ. ગોપાલ દેવ (ગોપાલ એમ. દેવનાની) આજે તેમની આધ્યાત્મિક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત કરી રહ્યા છે. વર્ષ ૨૦૦૦થી શરૂ થયેલી તેમની આ સફર આજે તેમના ૫૦મા ૩-દિવસીય રેકી હીલિંગ કેમ્પ સાથે એક નવા શિખરે પહોંચી છે. છેલ્લા બે દાયકાથી વધુ સમયથી તેઓ માનવતાને 'દવામુક્ત જીવન' તરફ દોરી જવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. કોર્પોરેટ કારકિર્દીથી આધ્યાત્મિક માસ્ટરી સુધીની ડૉ. દેવની આ સફર શૈક્ષણિક શ્રેષ્ઠતા અને આધ્યાત્મિક ઊંડાણનો અનોખો સંગમ છે. M.Com, LLB અને CAIIB જેવી ઉચ્ચ પદવીઓ ધરાવતા ડૉ. દેવે (ગોપાલ દેવ) વર્ષ ૧૯૮૨ થી ૨૦૧૦ દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં પ્રતિષ્ઠિત સેવા આપી હતી. જોકે, ૧૯૯૬માં થયેલા આધ્યાત્મિક જાગૃતિના અનુભવે તેમનો માર્ગ બદલી નાખ્યો. ૧૯૯૮માં તેમણે 'રેકી ગ્રાન્ડ માસ્ટર'નું પદ પ્રાપ્ત કર્યું અને ત્યારબાદ વૈકલ્પિક ચિકિત્સા ક્ષેત્રે ૨.D. (AM) ની પદવી મેળવી નિષ્ણાત બન્યા.

વર્ષ ૨૦૦૦માં જ્યારે પ્રથમ કેમ્પ યોજાયો ત્યારે ૧૨ હીલર્સે ૯૩ દર્દીઓની સારવાર કરી હતી. આજે ડૉ. દેવનું કાર્ય વૈશ્વિક સ્તરે વિસ્તર્યું છે. તેમની "ફોટો હીલિંગ" ટેકનિક અને મેડિટેશન વર્કશોપનો લાભ દુબઈ, શ્રીલંકા, તાંઝાનિયા, ઈંગ્લેન્ડ, કેનેડા અને અમેરિકા જેવા દેશોમાં પણ લેવામાં આવી રહ્યો છે. (૧૯-૮)


**આઈડેન્ટિક્સવેબ લિમિટેડ**

CIN: L72100GJ2017PLC098473

રજિસ્ટર્ડ ઓફિસઃ પ્લોટ નં. ૨૪૦, સી. એસ. નં. ૧૭૩૦, પહેલો માળ, નેહરુ નગર, એલ. એચ. રોડ,સી. નં. ૪૬/એ+૨, ટીપીએસ-૪, સુરત –૩૯૫૦૦૬, ગુજરાત, ભારત. ટેલિફોનઃ +૯૧ ७૬૦૦૦ ૮૪૫૩૬; વેબસાઈટઃ www.identixweb.com; ઈમેઈલઃ compliance@identixweb.com

**પોસ્ટલ બેલોટની સૂચના**

આથી કંપનીઓનો ધારો, ૨૦૧૩ ("ધારો") ની કલમો ૧૦૮ અને ૧૧૦ ની જોગવાઈઓ અને અન્ય લાગુ જોગવાઈઓને અનુસરીને અને કંપનીઓ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (સમય-સમય પર સુધારેલા મુજબ) ("નિયમો) ના નિયમો ૨૦ અને ૨૨ ને સાથે વાંચીને અને સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાત આવશ્યકતાઓ) નિયમનો, ૨૦૧૫ (સેબી સૂચિઓ નિયમો) ના નિયમન ૪૪ અને અન્ય લાગુ કાયદા અને નિયમો પ્રમાણે સૂચના આપવામાં આવે છે કે તારીખઃ ૮ મી મે, ૨૦૨૬ ના રોજની પોસ્ટલ બેલેટની સૂચનામાં જણાવ્યા મુજબના વિશેષ વ્યવસાય માટે આઈડેન્ટિક્સવેબ લિમિટેડ ("કંપની) ના સભ્યોની મંજૂરીની માંગ પોસ્ટલ બેલેટ અને દૂરસ્થ ઇ-મતદાનની પ્રક્રિયાને અનુસરીને દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન (દૂરસ્થ ઇ-મતદાન) દ્વારા કરવામાં આવી રહી છે.

કોર્પોરેટ બાબતોનું મંત્રાલય દ્વારા જારી કરાયેલા સામાન્ય પરિપત્રો નં. ૧૪/૨૦૨૦તાઃ ૦૮/૦૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦તાઃ ૧૩/૦૪/૨૦૨૦, ૨૨/૨૦૨૦તાઃ ૧૫/૦૬/ ૨૦૨૦, ૩૩/૨૦૨૦તાઃ ૨૮/૦૯/૨૦૨૦, ૩૯/૨૦૨૦તાઃ ૩૧/૧૨/૨૦૨૦, ૧૦/૨૦૨૧ તાઃ ૨૩/૦૬/૨૦૨૧, ૨૦/૨૦૨૧ તાઃ૦૮/૧૨/૨૦૨૧, ૩/૨૦૨૨ તાઃ ૦૫/ ૦૫/૨૦૨૨, ૧૧/ ૨૦૨૨ તાઃ ૨૮/૧૨/૨૦૨૨, ૦૯/૨૦૨૩ તાઃ ૨૫/૦૯/૨૦૨૩ અને ૦૯/૨૦૨૪ તાઃ ૧૯/૦૯/૨૦૨૪ ને અનુસંધીને, શુક્રવાર, તારીખ મે ૮, ૨૦૨૬, ના રોજ કંપનીએ ફક્ત ઇ-મેઈલ દ્વારા પોસ્ટલ બેલેટ સૂચનાને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં મોકલવાની કામગીરી પૂર્ણ કરી દિધી છે. પોસ્ટલ બેલોટ સૂચનાને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં કંપનીના એ બધા સભ્યો કે જેમના નામ શુક્રવાર, તારીખ મે ૧, ૨૦૨૬ ("નક્કી કરેલી તારીખ") ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે એમને જ મોકલાવી છે. પોસ્ટલ બેલોટ સૂચનાની ભૌતિક નકલ અને પોસ્ટલ બેલોટ ફોર્મ અને પૂર્વ ચૂકવેલ વ્યવસાય પરબિડીયું આ પોસ્ટલ બેલોટ માટે સભ્યોને મોકલવામાં આવશે નહીં. તદનુસાર, સભ્યોની સંમતિ અથવા અસંમતિનો વ્યવહાર ફક્ત દૂરસ્થ ઇ-મતદાન પદ્ધતિ દ્વારા થશે.

ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય પરિપત્રો પ્રમાણે આ પોસ્ટલ બેલેટના દૂરસ્થ ઇ-મતદાન માટે એ બધા સભ્યો કે જે ડીમેટ સ્વરૂપમાં અથવા ભૌતિક સ્વરૂપમાં કંપનીના ઇક્વિટી શેર ધરાવે છે અને પોતાનાં ઇ-મેઇલ સરનામાં નથી નોંધાવ્યા જેના લીધે પોસ્ટલ બેલોટ સૂચના નથી મોકલી શકાઈ એ સભ્યો અસ્થાયીરૂપે તેમના ઇ-મેઇલ સરનામા કંપની સાથે આ પ્રમાણે નોંધાવી શકે છે, (એ) જો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@identixweb.com પર ઇ-મેઇલ કરી ને, (બી) જો ડીમેટ સ્વરૂપમાં ધરાવો છો તો નામ, DPID-CLID (૧૬ અંકનો DPID + CLID અથવા ૧૬ અંકોના લાભાર્થી ID), ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@identixweb.com પર ઇ-મેઇલ કરી ને, ૩) અથવા તો સભ્યો પોઈન્ટ (એ) અથવા (બી) માં જણાવેલ વિગતો ઇ-મેઇલ દ્વારા evoing@nsdl.com પર મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિનંતી કરી શકે છે.

કંપનીએ તમામ સભ્યોને દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા આપવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") સાથે કરાર કર્યો છે. સભ્યો નોંધી શકે છે કે દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન સોમવાર, તારીખ ૧૧મી મે, ૨૦૨૬ નાં રોજ સવારનાં ૦૯:૦૦ વાગ્યા થી શરૂ થશે અને મંગળવાર, તારીખ ૯ મી જૂન, ૨૦૨૬ નાં રોજ સાંજનાં ૦૫:૦૦ વાગતાં (બંને દિવસો સહિત) પુર્ણ થશે. આ સમયગાળા દરમિયાન, એ બધા સભ્યો કે જેમના નામ નક્કી કરેલી શુક્રવાર, તારીખ મે ૧, ૨૦૨૬ ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે ફક્ત એ જ સભ્યો દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાનની સુવિધાનો લાભ મેળવવાના હકદાર રહેશે અને આવા સભ્યો ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકશે. ત્યારબાદ એનએસડીએલ દ્વારા દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન કરવા માટે ઇ-મતદાન મોડ્યુલ અક્ષમ કરવામાં આવશે અને દૂરસ્થ ઇ-મતદાનને ઉપરોક્ત તારીખ અને સમયથી આગળ મંજૂરી આપવામાં આવશે નહીં. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપ્યા પછી, તે /તેણીને પછીથી બદલવાની અથવા ફરીથી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મતદાન માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ સૂચનામાં આપવામાં આવેલી છે.

કંપનીના નિયામક મંડળે પોસ્ટલ બેલેટ અને દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન હાથ ધરવા અને દૂરસ્થ ઇલેક્ટ્રોનિક મતદાન દ્વારા મેળવેલા મતોની સુસ્પષ્ટ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે મેસર્સ હાર્દિક જેતાણી & એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ સ્ક્રુટિનાઈઝર તરીકે નિમણૂક કરી છે.

પોસ્ટલ બેલેટની સૂચનામાં જણાવ્યા મુજબના વિશેષ વ્યવસાયો પર ના મતદાન નું પરિણામ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર ગુરુવાર, તારીખ ૧૧ જૂન, ૨૦૨૬ નાં રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે અને તે કંપનીની વેબસાઈટ www.identixweb.com પર પણ મુકવામાં આવશે અને સાથે સાથે તે જ દિવસે સ્ટોક એક્સચેંજ, રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ અને ઇ-મતદાન એજન્સીને પણ મોકલવામાં આવશે.

સભ્યો કે જેને પોસ્ટલ બેલેટ સૂચના નથી મળી, તે compliance@identixweb.com પર ઇ-મેઇલ મોકલી શકે છે અથવા એનએસડીએલને evoing@nsdl.co.in પર અરજી કરી શકે છે અને પોસ્ટલ બેલેટ નોટિસની નકલ મેળવી શકે છે. પોસ્ટલ બેલેટ સૂચના કંપનીની વેબસાઈટ www. identixweb.com અને ઇ-મતદાન એજન્સી www.evoing.nsdl.com વેબસાઈટ પરથી પણ મેળવી શકાય છે.

દૂરસ્થ ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાનને લગતી કોઈપણ પ્રશ્નો /ફરિયાદોને શ્રીમતી પૂજા શાહ, કંપની સચિવ અને પાલન અધિકારી, આઈડેન્ટિક્સવેબ લિમિટેડ, પ્લોટ નં. ૨૪૦, સી. એસ. નં. ૧૭૩૦, પહેલો માળ, નેહરુ નગર, એલ. એચ. રોડ, સી. નં. ૪૬/७+૨, ટીપીએસ-૪, સુરત –૩૯૫૦૦૬, ગુજરાત, ભારત., પર સમ્બોધી શકે છે અથવા compliance@identixweb.com અથવા grievances@skylinerta.com પર ઇ-મેઇલ મોકલી શકે છે અથવા +૯૧ ७૬૦૦૦ ૮૪૫૩૬ ફોન કરી શકે છે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે સભ્યો દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) નો સંદર્ભ લો અને www.evoing.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે ઇ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ટોલ ફ્રી નંબર ૦૨૨ ૪૮૮૬ ७૦૦૦ પર ફોન કરી શકો છો અથવા evoing@nsdl.com પર વિનંતી મોકલી શકો છો.

આઈડેન્ટિક્સવેબ લિમિટેડ માટે
સહી/-
પૂજા શાહ
કંપની સચિવ

સ્થળ : સુરત
તારીખ: મે ૮, ૨૦૨૬



**સાંકેતિક કબજા નોટીસ**

**ICICI Home Finance** | રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ- ૪૦૦૦૫૯
શાખા ઓફિસઃ શાખા ઓફિસઃ ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨
શાખા ઓફિસઃ ચોથો માળ, ઓફિસ નંબર ૪૩૬-૪૪૩ એમેરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા ગુજરાત- ૩૯૦૦૨૦
જયારે
સિક્યોરિટાઈઝેશન, રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટના નિયમ ૩ સાથે વાંચેલા સેક્શન ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરવામાં આવી છે. (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨, ઉલ્લેખિત રકમની ચૂકવણી કરવા માટે નીચે દર્શાવેલ દેવાદારો પર ડિમાન્ડ નોટિસ જારી કરી નોટિસમાં આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર.
દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હોવાથી, ઉધાર લેનાર અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લેવામાં આવ્યો છે. ખાસ કરીને ઉધાર લેનાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથે કોઈપણ વ્યવહાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
દેવાદારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આકર્ષિત કરવામાં આવે છે, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત સંપત્તિઓ રિડીમ કરવા માટે.

| ક્રમ નં | દેવાદારોનું નામ/સહ-દેવાદારોનું નામ/ લોન એકાઉન્ટ નંબર | મિલકતોની વિગતો / કબજાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસની રકમ (રૂ.) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | પટેલ સંજય કુમાર (ઉધાર લેનાર), વાનખેડે ગોવિંદ (સહ-ઉધાર લેનાર), **LHBRD00001348644.** | સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો જે મૌજે કલોલ સ્થિત બિન-કૃષિ પ્લોટ, જમીન બેરિંગ સર્વે નં. ૨૨/૧ પાઈક્કી, માપન ૩૩.૪૪.૫૨ ચો.મી., નોંધણી જિલ્લો અને પેટા જિલ્લો કલોલ, જિલ્લા પંચમહાલ, કલોલ- ૩૮૯૩૩૦ ખાતે. સીમા - ઉત્તરઃ અન્ય મિલકત, દક્ષિણઃ અન્ય મિલકત, પૂર્વઃ જગદંબા સોસાયટી લિમીય દ્વારા, પશ્ચિમઃ ખુલ્લી જમીન./ કબજાની તારીખ-૫-મે-૨૬ | 13-09-2025 Rs. 6,14,220/- | વડોદરા |
| ૨. | પટેલ સંજય કુમાર (ઉધાર લેનાર), વાનખેડે ગોવિંદ (સહ-ઉધાર લેનાર), **LHBRD00001348646.** | સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો જે મૌજે કલોલ સ્થિત બિન-કૃષિ પ્લોટ, જમીન બેરિંગ સર્વે નં. ૨૨/૧ પાઈક્કી, માપન ૩૩.૪૪.૫૨ ચો.મી., નોંધણી જિલ્લો અને પેટા જિલ્લો કલોલ, જિલ્લા પંચમહાલ, કલોલ- ૩૮૯૩૩૦ ખાતે. સીમા - ઉત્તરઃ અન્ય મિલકત, દક્ષિણઃ અન્ય મિલકત, પૂર્વઃ જગદંબા સોસાયટી લિમીય દ્વારા, પશ્ચિમઃ ખુલ્લી જમીન./ કબજાની તારીખ-૫-મે-૨૬ | 13-09-2025 Rs. 23,626/- | વડોદરા |
| ૩. | સુરેન્દ્ર એમ સિંહ (ઉધાર લેનાર), રિંકુ કુમારી. (સહ-ઉધાર લેનાર) પ્લોટ નં. ૧૩ ૧૪ બી નં. ૨૯૬ ૩૧૩ વિલ તાતીથાય કડોદરા બારડોલી રોડ ચલથાણ- ૩૯૪૩૦૫ ગુજરાત, **LHSUR00001447633** | સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો જે ફ્લેટ નં. ૨૦૩, માપન ૪૧.૬૭ ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), ૬૨૩ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ-અપ એરિયા), બીજો માળ, બી બિલ્ડીંગ, 'ગેલકૃપા રેસીડેન્સી' પ્લોટ નં. ૧૪૩ થી ૧૪૬ શ્રી લક્ષ્મીનારાયણ સોસાયટી, આર.એસ. નં. ૧૩૧, બ્લોક નં. ૧૧૫ ગામની મર્યાદામાંઃ કડોદરા, તા. પલસાણા, જિલ્લોઃ સુરત સીમા-ઉત્તર સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૩૧, દક્ષિણ સીમાઃ એડીજે. સોસાયટી રોડ, પૂર્વ સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૪૨, પશ્ચિમ સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૪૭./કબજાની તારીખ-૫-મે-૨૬ | 10-02-2026 Rs. 3,06,282/- | સુરત |
| ૪. | સુરેન્દ્ર એમ સિંહ (ઉધાર લેનાર), રિંકુ કુમારી. (સહ-ઉધાર લેનાર) પ્લોટ નં. ૧૩ ૧૪ બી નં. ૨૯૬ ૩૧૩ વિલ તાતીથાય કડોદરા બારડોલી રોડ ચલથાણ- ૩૯૪૩૦૫ ગુજરાત, **LHSUR00001449500** | સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો જે ફ્લેટ નં. ૨૦૩, માપન ૪૧.૬૭ ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), ૬૨૩ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ-અપ એરિયા), બીજો માળ, બી બિલ્ડીંગ, 'ગેલકૃપા રેસીડેન્સી' પ્લોટ નં. ૧૪૩ થી ૧૪૬ શ્રી લક્ષ્મીનારાયણ સોસાયટી, આર.એસ. નં. ૧૩૧, બ્લોક નં. ૧૧૫ ગામની મર્યાદામાંઃ કડોદરા, તા. પલસાણા, જિલ્લોઃ સુરત સીમા-ઉત્તર સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૩૧, દક્ષિણ સીમાઃ એડીજે. સોસાયટી રોડ, પૂર્વ સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૪૨, પશ્ચિમ સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૪૭./કબજાની તારીખ-૫-મે-૨૬ | 10-02-2026 Rs. 23,018/- | સુરત |
| ૫. | સુરેન્દ્ર એમ સિંહ (ઉધાર લેનાર), રિંકુ કુમારી. (સહ-ઉધાર લેનાર) પ્લોટ નં. ૧૩ ૧૪ બી નં. ૨૯૬ ૩૧૩ વિલ તાતીથાય કડોદરા બારડોલી રોડ ચલથાણ- ૩૯૪૩૦૫ ગુજરાત, **LHSUR00001475010** | સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો જે ફ્લેટ નં. ૨૦૩, માપન ૪૧.૬૭ ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), ૬૨૩ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ-અપ એરિયા), બીજો માળ, બી બિલ્ડીંગ, 'ગેલકૃપા રેસીડેન્સી' પ્લોટ નં. ૧૪૩ થી ૧૪૬ શ્રી લક્ષ્મીનારાયણ સોસાયટી, આર.એસ. નં. ૧૩૧, બ્લોક નં. ૧૧૫ ગામની મર્યાદામાંઃ કડોદરા, તા. પલસાણા, જિલ્લોઃ સુરત સીમા-ઉત્તર સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૩૧, દક્ષિણ સીમાઃ એડીજે. સોસાયટી રોડ, પૂર્વ સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૪૨, પશ્ચિમ સીમાઃ એડીજે. પ્લોટ નં. ૧૪૭./કબજાની તારીખ-૫-મે-૨૬ | 10-02-2026 Rs. 2,14,133/- | સુરત |
| ૬. | પરમાર હરેશકુમાર (ઉધાર લેનાર), પરમાર મીનાબેન (સહ-ઉધાર લેનાર), બેકરીની બજુમાં ઘોઘંબા પાસે પંચમહાલ ઘોઘંબા- ૩૮૯૩૬૫ ગુજરાત, **LHBRD00001366924** | પંચમહાલના મૌજે ગોથમાં જમીનનો તે તમામ ભાગ અને બિન-ખેતી પ્લોટ જમીન ધરાવતો આર.એસ. નં. ૩૮ માપન ૪૦૯૬ ચોરસ મીટર, ખાટા નં. ૧૬૨ 'શ્રીજી કૃપા રેસીડેન્સી' તરીકે ઓળખાય છે. નોંધણી ખાતે દુકાન નં. ૧૨ માપન ૧૫.૩૩ ચોરસ મીટર, એટલે કે ૧૬૫ ચોરસ ફૂટ, બાંધકામનું માપન ૧૫.૩૩ ચોરસ મીટર, જિલ્લા અને પેટા-જિલ્લા ઘોઘંબા અને જિલ્લા પંચમહાલ. સીમા - ઉત્તર દ્વારાઃ પ્લોટ નં. ૧૯, દક્ષિણ દ્વારાઃ આંતરિક માર્ગ, પૂર્વ દ્વારાઃ દુકાન નં. ૧૩, પશ્ચિમ દ્વારાઃ દુકાન નં. ૧૧/કબજાની તારીખ - ૫-મે-૨૬ | 16-02-2026 Rs. 5,82,871/- | વડોદરા |
| ૭. | પરમાર હરેશકુમાર (ઉધાર લેનાર), પરમાર મીનાબેન (સહ-ઉધાર લેનાર), બેકરીની બજુમાં ઘોઘંબા પાસે પંચમહાલ ઘોઘંબા- ૩૮૯૩૬૫ ગુજરાત, **LHBRD00001369039** | પંચમહાલના મૌજે ગોથમાં જમીનનો તે તમામ ભાગ અને બિન-ખેતી પ્લોટ જમીન ધરાવતો આર.એસ. નં. ૩૮ માપન ૪૦૯૬ ચોરસ મીટર, ખાટા નં. ૧૬૨ 'શ્રીજી કૃપા રેસીડેન્સી' તરીકે ઓળખાય છે. નોંધણી ખાતે દુકાન નં. ૧૨ માપન ૧૫.૩૩ ચોરસ મીટર, એટલે કે ૧૬૫ ચોરસ ફૂટ, બાંધકામનું માપન ૧૫.૩૩ ચોરસ મીટર, જિલ્લા અને પેટા-જિલ્લા ઘોઘંબા અને જિલ્લા પંચમહાલ. સીમા - ઉત્તર દ્વારાઃ પ્લોટ નં. ૧૯, દક્ષિણ દ્વારાઃ આંતરિક માર્ગ, પૂર્વ દ્વારાઃ દુકાન નં. ૧૩, પશ્ચિમ દ્વારાઃ દુકાન નં. ૧૧/કબજાની તારીખ - ૫-મે-૨૬ | 16-02-2026 Rs. 48,631/- | વડોદરા |

ઉપરોક્ત દેવાદાર(ઓ)/જામીનદારોને રકમ ચૂકવવા માટે ૩૦ દિવસની નોટિસ આપવામાં આવે છે, અન્યથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમો ૮ અને ૯ હેઠળની જોગવાઈઓ અનુસાર, આ નોટિસના પ્રકાશનની તારીખથી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરવે મૂકેલી મિલકતો વેચવામાં આવશે.

તારીખ: મે ૦૯, ૨૦૨૬,
સ્થળ: કલોલ, સુરત, વડોદરા

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ


Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

